R.N.I.No. : 11555/1966

Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

June - 2015

Vol No. 59 Issue No. 3

Total - 36 Pages

## પુષ્ટિમાર્ગીય વૈષ્ણવની પુષ્ટિ-બારખડી



પુષ્ટિ એટલો અનુગ્રહના માર્ગે વળેલા જીવોને એ કૃપાનો ખરો આસ્વાદ માણવાનો ખરેખર આનંદ પ્રાપ્ત થાય, જ્યારે જે ચરણોને વર્યા તે સ્વરૂપને અનન્ય ભાવે તેમને લાયક બાની તૉમાની તત્સુખાત્મક સેવાથી યોગ્યતા પ્રાપ્ત કરી શકાય. એકમેકના સુખ દુઃખ સાચા સહભાગી બની અંતરથી એકતા કેળવી, તે અંગેના શ્રી મહાપ્રભુજી, શ્રી હરિરાયજી તથા એઓમા અતિ અનન્ય ચોર્યાસી વૈષ્ણવો અને બસો બાવન વૈષ્ણવો તથા પ્રાચિન કૃપાપાત્ર અનન્ય ભગવદીયોના જીવનના અનુભવો અને ઉદ્‌બોધનો ક્રમેક્રમે જીવનમાં ઉતરવા પ્રયત્નશીલ બનાય. શ્રી હરિરાયજીનું શિક્ષાપાત્રનો આ માર્ગની સર્વોત્ક પરિપાટી છે. જેનું દરેક વૈષ્ણવ પરિવારમાં વર્ષોથી વાંચન સત્સંગ સેવન થાય છે.

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ દ્વારા આયોજીત

# ‘ચાલો બાલાસિનોર વર્ષ ૨૦૧૫-૧૬’

# તારીખ ૮-૧૧-૧૫ થી ૧૩-૧૧-૧૫

સહર્ષ જણાવતા આનંદ થાય છે કે બાલાસિનોર નવયુવક સંઘના નેજા હેઠળ ‘ચાલો બાલાસિનોર’નું આયોજન દિવાળી દરમ્યાન હાથ ધરાયું છે જેની વિગતો નીચે મુજબ છે.

**તારીખ સાથેની પૂરક માહિતી :-**

૧) તા. ૮-૧૧-૧૫ રવિવાર રાતના (વડોદરા એક્સપ્રેસ દ્વારા રવાના)

૨) તા. ૯-૧૧-૧૫ સોમવાર સવારે વડોદરાથી બાલાસિનોર. તળાવદરવાજા સુધી બસ દ્વારા પ્રવાસ (સાથે ચહા, કોફીની વ્યવસ્થા)

૩) તા. ૯-૧૧-૧૫ થી ૧૩-૧૧-૧૫ બાલાસિનોર ખાતે સવારનો ચહા, નાસ્તો, બપોરનું ભોજન તથા રાત્રીના ભોજનનું આયોજન દશાનીમા વણીક વાડીમાં રાખવામાં આવેલ છે.

૪) તા. ૯-૧૧-૧૫ થી ૧૩-૧૧-૧૫ દરમ્યાન વિવિધ પ્રોગ્રામનું આયોજન કરેલ છે. જેની તારીખ વાર વિગત આગામી અંકમાં આપવામાં આવશે.

૫) તા. ૧૩-૧૧-૨૦૧૫ના રોજ સાંજે ૫ કલાકે તળાવ દરવાજેથી બસ દ્વારા વડોદરા જવા રવાના. જમવાના પેકેટ બસમાં આપવામાં આવશે. રાત્રે ૧૦.૨૫ કલાકે વડોદરા એક્સપ્રેસ દ્વારા મુંબઈ રવાના.

**સંયોજક :**
**શ્રી જીગર મણીકાંત કડકીઆ**
૯૮૨૦૩૩૧૫૩૫

**મંત્રી :**
**શ્રી ભાવેશ બીપીન મોદી**
૮૮૭૯૪૨૨૩૦૪

**સહ સંયોજક :**
**શ્રી અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**
૯૮૩૩૮૬૭૬૦૧

# જ્યોતિ પુંજ


| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૯ | ૦૩ | ૨૧-૦૬-૨૦૧૫ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**



નિખિલ પરીખ (તંત્રી)

બંકિમ પરીખ / જતીન ન. દેસાઈ

જીગર કડકીઆ / પ્રશાંત પરીખ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨

✤✤✤

**મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)**

**એ. કે. એન્ટરપ્રાઈઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,

ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨

ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

✤✤✤

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

✤✤✤

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

**visit us at www.balasinor.org**


## તંત્રી મંડળ તરફથી

## સથવારો શ્રી શ્રી સંતો નો અધિકમાસમાં અધિક અધિક ...

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

સત્યમાં જ હરેફરે ને જીવે તે સંત. સંતોએ તમામ વર્ણો અને વર્ગો માટે ઈશ્વર ઉપાસનાનાં દ્વાર ઉઘાડી આપ્યાં છે. સમય સમય પર સંતોએ આપણને સાંકડા કૂંડાળામાંથી બહાર આણવા અને સઘળે વિલસી રહેલ એક પરમ તત્વની એટલે કે સત્યની ઝાંખી કરાવવા પ્રયત્ન કર્યો છે. આજે પણ આ પ્રક્રિયા ચાલુ છે બે ભયાનક વિશ્વયુદ્ધોની વચ્ચેના ગાળામાં મહાત્મા ગાંધીજીએ હિંસા અને દ્વેષથી પીડાતા વિશ્વને અહિંસા અને સત્યનો સંદેશો સંભળાવ્યો એ કૃષ્ણે અર્જુનને બે સૈન્યની વચમાં અનાસક્તિપૂર્વક કર્તવ્યકર્મ કરવાનો સંદેશો સંભળાવ્યો એના જેવું છે જગત એ સંદેશો ઝીલશે તો સર્વનાશની ઊંડી ખીણમાં પડતું બચી જશે.

ભારત તો ધર્મોનું પિયર છે. પ્રત્યેક ભારતવાસીએ વિશ્વના પ્રત્યેક ધર્મ વિશે જાણવું જોઈએ. કોઈ ધર્મ, કોઈ દેશ, કે કોઈ માનવી ભગવાનના વિશ્વરૂપની બહારનો નથી. એટલે જ ભગવાનનો તે આપણો જ થયો. આપણા સંતો એ આ વાત ફરી ફરી ને કહી છે.

ગાંધીજી કહે છે સત્યરૂપ પરમાત્માનાં દર્શન માટે સંતોનાં ચરિત્ર વાંચવા જોઈએ.

શ્રીમદ્ ભાગવત કહે છે તેમ 'હે પ્રભુ, અમારી દૃષ્ટિ તારી મૂર્તિ રૂપ સંતોનાં દર્શન માં રહો !

આપણી ભારતભૂમિ કેવા કેવા ત્યાગી, વૈરાગી, તપસ્વી, જ્ઞાની અને સિધ્ધિવંત સંતોના પગલાં થી પાવન થયેલી છે.

દક્ષિણમાં તિરુવલ્લુવર થી માંડીને શ્રીમદ્ શંકરાચાર્ય શ્રી રામાનુજાચાર્ય, શ્રી બસવેશ્વર, અને વિદ્યારણ્ય ઉપરાંત બીજા પણ અનેક સંતો થઈ ગયા.

બંગભૂમિ શ્રી રામકૃષ્ણ પરમહંસ, શ્રી મા શારદામણી દેવી , સ્વામી વિવેકાનંદ, ભગવાન ચૈતન્ય, શ્રી અરવિંદ, શ્રી દેવેન્દ્રનાથ અને રવિન્દ્રનાથ ટાગોર જેવી વિભૂતિઓથી ઉજ્જવળ અને ગૌરવાન્વિત છે. તો ઉત્તર ભારતમાં સારાયે ભારતના હૃદયમાં વસી ચૂકેલા સંત કબીર, સંત તુલસીદાસ ઉપરાંત ગુજરાતના ગૌરવરૂપ નરસિંહ મહેતા, મીરાબાઈ અને અખો અને ભારતમાં જ નહીં સારાયે વિશ્વમાં વંદનીય એવા ગાંધીજી એમ અનેક સંતો ભારતીય સંસ્કૃતિના કોઈ ને કોઈ સંદર્ભે આજે પણ ભારતના હૃદયમાં આસન્ન છે, પ્રતિષ્ઠિત છે.

ભારતીય સંસ્કૃતિ જગતભરમાં હજી આજે પણ સુપ્રતિષ્ઠિત છે. તેમ આ વિજ્ઞાનયુગમાં પણ જગતના અનેક રાષ્ટ્રો ભારતીય સાંસ્કૃતિક મૂલ્યોના આદર કરે છે તે આ સંતોને આભારી છે. આ સંતોના જ્ઞાન, આદર્શો, મૂલ્યો, સર્વ શાશ્વતીય ગુણવિશેષથી સંપન્ન છે.

ભારતના જે સંતો હતા તેમાંના કેટલાક મહા તેજસ્વી કવિ હતા. કેટલાક મહાન ચિંતકો હતા, કેટલાક જબરજસ્ત સમાજ સુધારકો હતા. કેટલાક મહા યોગી હતા, કેટલાક મહાન દાર્શનિક હતા, કેટલાક રાષ્ટ્રના પ્રાણપુરુષ હતા તથા કેટલાક નિઃસ્પૃહ અને ખરા નિષ્ઠાવાન લોકસેવક હતા.

સંતોએ આપણને ધર્મ, સુખ, તપ, કરુણા, સત્ય, વિદ્યા, દાન, આતિથ્ય વિશે સમજણ આપી છે.

સંતોના ચમત્કાર એટલે શું ? સંતોની મહત્તા તેમના સંતત્વ, સંતપણાને આધીન છે એક સંત આખા સમાજને ભક્તિની ગંગાથી પુનિત કરે, એક સંત સમસ્ત સમાજને પ્રેમની ને કરુણાની, અહિંસાની અને અવૈરની, દાનની અને ત્યાગની અથવા સર્વસમર્પણની ભાવનાથી પ્રભાવિત કરે, રંગે અને સમાજ જીવનને ઉત્કર્ષને માર્ગે વાળે એ વસ્તુ પોતે જ એક મહાન ચમત્કાર છે.

કોઈપણ ઉદાત્ત ભાવનાને કોઈપણ સદ્‌ગુણને કોઈપણ આદર્શને એટલી બધી ઊંચાઈ ઉપર લઈ જવો કે વ્યક્તિ લૌકિક મટીને અલૌકિક એટલે કે લોકોત્તર બનીને લોકહૃદયમાં કે લોક સંસ્કૃતિમાં સદાને માટે અચલ પ્રતિષ્ઠ રહે એ જ વ્યક્તિજીવનનો ચમત્કાર છે.

## પુરુષોત્તમ માસ એટલે ભગવાન શ્રી કૃષ્ણની કૃપાનો મહિમાવંતો પવિત્ર મહિનોઃ

પૃથ્વી ને સૂર્યની આસપાસ એક પ્રદક્ષિણા પૂરી

કરતાં સવા ત્રણસો પાંસઠ દિવસ લાગે છે. બીજી બાજુ મહિનો સુદ એકમ થી વદ અમાસ સુધી ને વદ એકમથી પૂર્ણિમા ચંદ્રની ગતિ હોય છે. એક મહિનો સૌંડા ઓગણત્રીસ દિવસે પૂરો થાય. બાર માસના ૨૯ x ૧૨ = ૩૫૪ થાય. આમ સવા અગિયાર દિવસનો તફાવત દૂર કરવાને સૂર્યના પરિભ્રમણ સાથે બાર ચંદ્ર માસનો મેળ બેસાડવા અધિકમાસ ઉમેરવાનું આયોજન કરાયું છે.

ગ્રેગોરિયન કેલેન્ડરમાં પણ વર્ષના દિવસો ને તફાવતને સરભર કરવા દર ચાર વરસે ફેબ્રુઆરીના ઓગણત્રીસ દિવસ રાખી આવી સમતુલા થાય છે.

દરેક માસમાં સૂર્ય સંક્રાંતિ આવતી હોય છે. પરંતુ આ વધારાના તેરમાં મહિનામાં કોઈ સંક્રાતિ ન હોઈ શુભ કાર્યો માટે નિષેધનો મહિનો ગણાયો. આ રીતે તિરસ્કૃત અપમાનિત અને અશુભ બન્યાની અવહેલનાથી વ્યથિત થયેલો અધિકમાસ ભગવાન શ્રી કૃષ્ણ પાસે ગયો જયાં બધી વાત કરી. ભક્તવત્સલ ભગવાન શ્રી કૃષ્ણે જણાવ્યું કે, ‘ત્રિલોકમાં હું પરુષોત્તમ નામથી વિખ્યાત છું. જેથી મારું પવિત્ર નામાભિધાન આ માસને આપું છું. હવે આ માસ પુરુષોત્તમ માસ તરીકે ઓળખાશે. હવેથી આ માસમાં જે કોઈ ધર્મકાર્યો થશે તેનાથી વધારે ફળ આપવાથી અધિકમાસ મહિમાવંત ગણાશે. આ માસનો સ્વામી હું ખુદ બનીશ. આ માસને હું મારા તમામ ગુણો, ઐશ્વર્યો, પરાક્રમો ને ભક્તિ સમર્પિત કરું છું.

☆☆☆☆☆

**૨૧ જૂન આંતરરાષ્ટ્રીય યોગ-દિવસ નિમિત્તે આપણે સૌ ભારતીય ગૌરવ અનુભવીએ છીએ.**



સ્વ. નવીનચંદ્ર મણીલાલ દેસાઈ (તેલવાળા) ના જે જે શ્રી ગોકુલેશ

# દિકરી: આંખનો ભીનો ખૂણો

- શૈલેષ દેસાઈ

પિતા અને પુત્રીનો એક વિચિત્ર સંબંધ છે. પિતાને પુત્રીનું કંઈ જ લેવું નથી અને પુત્રીને પિતા માટે બધુ જ આપી દેવું છે. સૃષ્ટિના સર્જનકારે આ સંબંધોમાં બન્ને મુઠ્ઠીઓ ભરીને પ્રેમ ઢાળ્યો છે. પુત્રી પુત્રથી સવાઈ ગણી સંબંધોમાં પુરવાર થાય છે. સમગ્ર માનવીય જીવનના સંબંધોમાં મારી દ્રષ્ટિએ સૌથી પવિત્ર અને કેવળ મુઠ્ઠી ઉચેરો નહી પણ ગિરિ ઊંચેરો જો સંબંધ હોય તો તે પિતા અને પુત્રીનો સંબંધ છે. તેથી આગળ વધીને ભુપેન્દ્ર પંડયા લખે છે કે આ સંબંધોની Mystical યાત્રા જીવનની મુલ્યવાન સંપદા છે.

એક કવિએ કહયું છે કે રાહ જુવે તે 'મા' છે, હું કહું છું કે રાહ જોવડાવે તે દિકરી છે. બે ચાર દિવસ બહારગામ જાયતો સ્મૃતિને આધાર પ્રતીક્ષાનું ઓથું ક્ષણે ક્ષણનો અંજપો બાળકીને છુટા પાડવાનો પહેલો પ્રસંગ એટલે કે બાળમંદિરમાં (Nursery) જાય ત્યારે તેના આંસુ અને અશ્રુતાની દયામણી દ્રષ્ટી આપણા અંતરને તીરની જેમ વીંધી નાખે છે, બાળકીના ચોકલેટથી ચીકણા હાથ પર એક દિવસ મહેંદી લાગશે ને સ્કુલના યુનિફોર્મને બદલે પાનેતર ચડી જશે, પરંતુ લાગણીના ત્રાજવે વાસ્તવિકતા જોખાતી નથી. બલકે જોખમાતી જાય છે. દિકરીથી કલાકો સુધી અલગ રહેવાનો આ પહેલો પ્રસંગ હોય છે. પરંતુ વિપરીત અને વિકટ ક્ષણોમાં લાગણી અને બુદ્ધિ વચ્ચે તુમુલ્લ યુદ્ધ ચાલે છે. એના વિવાહની ક્ષણ એની કન્યાદાનની ક્ષણ એની વિદેશગમનની ક્ષણ આબધી ક્ષણો કરવતની જેમ કાળજાને કોરી જાય છે. પુત્રીના જન્મ સાથે જ પુત્રીનું વિરહનું બીજ રોપાય છે. આ દિકરી એક દિવસ આપણા વચમાંથી જવાની છે એ વિભિષણ કલ્પનાનો ઓથાર સતત હૃદયમાં ભીંસતો રહે છે. ભલે દિકરાની સંખ્યા કુટુંબમાં ગમે તેટલી હોય પણ દરેક કુટુંબમાં એક દિકરી હોવી જોઈએ જેથી મા-બાપ હૃદયથી વધારે કૂણાં પડે ને એ કારણે ઘરમાં આવનાર પુત્ર-વધૂને પણ ક્યારે પુત્રી જેવો સ્નેહ પામવા સહભાગી બને. પુત્રીની દરેક માંગ સંતોષવી તે પિતૃહૃદયનો પરમોત્સવ બની રહે છે. ને કયારેક કોઈ માંગ પુરી ન થાય તો હૃદય ડુસકા ભરે છે.

ત્યહી શુણ્યો એ રવ ડૂસકા તણો, ગયો જ થંભી નિજ કર્મ-ચાકાડો(ચાકડો) જગાડતો લઈ બાહુ પાશમાં, તદાપિ ઊંઘે અદકી સજાદઈ, ઉજાગરો ભીનલ આંજતી ગઈ.

પ્રથમ સ્કુલમાં છોડી દીધા પછી કલાકો સુધી કોઈનો પણ જીવ બેચેન થઈ જાય, બુદ્ધિ તેમ કરવા તૈયાર નથી પણ લાગણી પાસે તેની સિમાઓથી પર અને પાર જવું જ ઉચ્ચીત છે, કણ્વ જેવાં પાલકપિતા અને ઋષિ પણ જો શકુંતલાને વિદાય આપતા કંપ્પી ઉઠયા તો તેની ઉક્તિ પ્રમાણે આપણે તો એક સામાન્ય માણસ છીએ. સમય સર્વ શૂળનું ઔષધ છે. એ કાંઠે પડી જાય છે પણ એ રુઢી પ્રયોગનો વાચ્યાર્થ અને વ્યગ્યાર્થ દર્દ જતું નથી રહેતું. શાળા વિદાયને કન્યા વિદાય તો નથી ગણાતું પણ વિચારોથી વીસ વર્ષ નીકળી જાય છે. દીકરીને ભૂલવી એતો ચામડીને ઉતરડી નાખવા બરોબર છે. ઓફીસે જતા ભલે પિતાથી પુત્રી દૂર હોય પણ ચૈતસિક સમસ્યા સ્થાનમાં તેઓ એકબીજાથી નિકટતમ છે. એક જાતની અધ્યાત્મિક અનુભૂતિજેવો જ આ ચમત્કાર છે. દીકરીની આંખોમાં સદા પિતા વસેલો છે. એટલે કે એની આંખ સામે ગમે ત્યાં અને ગમે ત્યારે પિતા હાજરાહજુર હોય છે. વહાલનો દરિયો ખાલી કાંઠા ગજવતો નથી પણ માતાપિતા અને પુત્રી વચ્ચે આરાધ્ય આરાધ્યકતાનો, ઈશ્વર અને ભક્તનો સંબંધ છે. પણ આમાં ગજબની વાત એ છે કે આરાધ્યક કોણ અને આરાધ્ય કોણ અરસપરસના સંબંધની ચાલની પ્રક્રિયા એ સત્ય જ ભક્તિસરની અનુભુતી કરાવી જાય છે. માતાપિતા અને પુત્રીએ અરસપરસના તિર્થસ્થાનો છે.


સ્વ. સવિતાબેન રમણલાલ પરીખ (લઠ્ઠા પારેખ) ના જે જે શ્રી ગોકુલેશ

સ્થળકાળ માં રહીને સ્થળકાળથી પર એવો આ દૈવી ચમત્કાર છે. આથી દીકરીનું હોવું એ માતાપિતા માટે રળિયામણી ઘડી છે. એની નિર્વ્યાજ સ્નેહવર્ષા બારેમાસની વર્ષાૠતુ છે. જે માતાપિતા દિકરીના વહાલમાં નિરંતર ભીંજાયા કરે છે.

'દેહલી દીપક ન્યાય' પ્રમાણએ દીકરી 'ઉભયકુલની નંદિની છે. ઉમરા પર મુકેલો દિવો ઘરની અંદર તેમજ બહાર બન્ને તરફ પ્રકાશ ફેકે છે. તેમ દીકરી પણ પિયર અને શ્વસુર બન્ને પક્ષને અજવાળે છે. પુત્ર ઘરનો દિપક ગણાય છે. જ્યારે પુત્રી દીપકને પ્રજવલ્લિત કરનારું સ્નિગદ્ય તેલ છે. સામાન્ય રીતે પુત્રનો પ્રેમ લગ્ન પછી માબાપ માટે ઘટતો જાય છે ત્યારે પુત્રીનો પ્રેમ વધતો જાય છે. કહેવાય છે કે A Son remain son till he go to bedroom, where as dugher remain daughter till she die. દિકરી માબાપને લોકો સાથે સ્પષ્ટતા, સમજાવટ, શિખામણ, આગ્રહ આર્દશ કે વટહુકમ આ બધામાંથી એમનો વર્તમાન સુખમય અને ભાવિ ઉજ્જવળ બને એ માટે કોનો ક્યારે કેટલો ઉપયોગ કરવો તેની તાલીમ આપતી રહે છે.

દીકરીને પાળી પોષીને મોટી કરીને અન્યને સોંપી દેવાની આ નિષ્કામ કર્મયોગનું શિક્ષણ છે. જે જીવનમાં પણ ઉતારવા જેવું છે સર્જક અને સર્જન પ્રત્યે પુત્રીભાવ હોવો જોઈએ. કોઈપણ સંસ્થાનો નો સર્જક કે સ્થાપક એ સંસ્થાનો માલિક થવા જાય ત્યારે તેને કનીષ્ઠ ઘટના કહેવાય છે. ૧૫૦ વર્ષ જુના બિરલા સામ્રાજ્યમાં યશવર્ધન બિરલા એ માલિક થવા જાય છે ત્યારે અનેક કેસોમાં તે અટવાયેલા છે. સૂર્ય દૂર રહીને આખી દુનિયા ચલાવે છે તેની હૂંફ, ઉષ્માથી જીવન મળે છે પણ જો સૂર્ય નજદીક આવે તો પૃથ્વી બળી જાય. કોઈપણ સંસ્થા ચલાવનારમાં માલીકી ભાવ આવે એટલે વ્યક્તિ પૂજા શરૂ થાય છે. અને પછી વંશ પરંપરાગત ગાદી કે ખુરશી


જે જે શ્રી ગોકુલેશ

**લગ્નગીતો, સંગીત સંધ્યા તથા**

**પ્રાર્થના સભા માટે**

**સંપર્ક સાધવો**

**ભરત ડોસા : ૯૨૨૧૩૧૮૩૩૩**

**રણજીત : ૯૮૨૧૧૭૨૨૨૩**

**મિના : ૯૨૨૧૧૬૫૫૫૨**

**Email : ranjeetdossa@yahoo.com**

**Website : www.rhythmicgroups/.com**

**G/3, Raman Smruti, 138, V.P.Road,**
**Sicka Nagar, Mumbai - 400 004**
**Resi : 022-23811333 / 66372275**

સોપવાનું દૂષણ પ્રવેશી જાય છે. દુહિતા દીકરી હોય કે સંસ્થા અને દૂર રહીનેજ હૂંફ આપવામાં સંબંધનું ગૌરવ છે.

ટાગોરના એક મધુર ગદ્યકાવ્ય 'બાંસી' પર વિવેચન કરતા કાકા સાહેબે લખ્યુ છે કે પતિગૃહે જ નારી નવવધૂ શરણાઈના સૂરો સાંભળીને જે નવા જીવનની કલ્પના કરે છે તે સાકાર થાય છે ખરી ? જગતને જાણ કરવાનું સામર્થ્ય શરણાઈમાં છે, શ્યામની ગીતા બંસીના સૂરો સતત જેણએ માણ્યા છે એળી દીકરી સર્વત્ર સંગીત સર્જશે અને માંગલ્ય પામશે એવી અતૂટ શ્રધ્ધાજ આશ્વાસન બક્ષતી હોય છે.

દીકરી એટલે વહાલનો દરિયો, સમજણનું સરોવર બાપના હૃદયને જેટલું દીકરી સમજી શકે છે તે ભીતરના ભંડાકીયામાં પ્રવેશીને બાપની વેદના, અવુઝપણું એનો હર્ષોલ્લાસ જે સહજતાથી પામી શકે છે તે ઘણીવાર સપ્તપદીના સાત ફેરા ફરેલી પત્ની કે જનેતા પણ નથી પામી શકતી. મહર્ષિ વ્યાસ અને મહાકવિ વાલ્મિકીને કદાચ દીકરીઓ નહી હોતતો કદાચ મહાભારત કે રામાયણ લખાયા ન હોત. વ્યાસ અને વાલ્મિકીની માનવીય વેદના પછીની પેઢીના મહાકવિ કાલિદાસે પિતાની વેદનાને સાકાર કરી હતી.. શકુન્તલાના કન્યા વિદાયના પ્રસંગે વિશ્વ સાહિત્યમાં પિતૃપ્રેમની પરમ ચેતનામા અંતિમ શિખરના દર્શન કરાવતા લાગણી સમજાવી છે. અમેરિકન કવયિત્રી સ્ટેનરા રાઈસની પંક્તિ. Every home should have a daughter, to keep the world round because daughter is woundoreus combination of a mind, brain and heart" અને દિકરીઓ માટે "Dads are a happy mixture of small boy and a man". પુત્ર એક કુટુમ્બને અજવાળે છે જ્યારે પુત્રી બે કુટુમ્બને અજવાળે છે.માટે જ દિકરી એટલે દિકરી.

☆ ☆ ☆ ☆ ☆

# સ્વાધ્યાય ...

- રાજેશ કડકીઆ (યુ.એસ.એ.)

આ સંસારમાં જેણે સમજણપૂર્વક સંતોષને પચાવ્યો છે અને જેમણે જરૂરિયાત અને ઈચ્છા વચ્ચેનો તફાવત જાણી ચૂક્યા છે એવા અપવાદરૂપ જૂજ માણસોને બાદ કરીને એવું કહી શકાય કે આ જગતમાં કોઈપણ વ્યક્તિ સંપૂર્ણ પણે સુખી નથી જ. સંભવ છે કે રંકને રંક જેવું અને રાજાને રાજા જેવું દુ:ખ તો જરૂર હોય જ છે.

આપણે સહુ દરેકે દરેક ક્ષણનો અનુભવ માણી રહ્યા છીએ. આપણી પાસે જેટલું છે તેનાં કરતાં કંઈક અનેકગણું પામવાની દરેક જીવની આજીવન ઈચ્છા રહી છે. મહેલનું કે ઝૂપડીનું દુ:ખ એક સમાન જ છે. તફાવત ખાસ કંઈ નથી દુ:ખ એ દુ:ખ છે અને સુખ એ સુખ છે ફક્ત તેની માત્રામાં આમથી તેમ થોડોઘણો ફરક જણાઈ આવી છે.

અનેક સગવડોના વિપુલ સાધનોની વચ્ચે બીરાજેલા માનવીનાં જીવનમાં ક્યાંય શાંતિ જણાતી જ નથી. આપણાં સહુના દિમાગમાં ક્યારેય એવો પ્રશ્ન ઉઠતો જ નથી કે આપણાં જીવનમાં શું ખૂટે છે, શાની ઉણપ છે. કમી છે. કસર છે.

સામાન્ય રીતે આવો પ્રશ્ન ઉઠવો ખૂબ જ શરૂરી છે. કારણકે પ્રશ્ન ઉઠે તો તેનો ઉત્તર ફક્ત એક જ લીટીનો છે તે એ કે આપણા સહુના જીવનમાં 'સ્વાધ્યાય' ખૂટે છે. જીવનમાંથી સ્વાધ્યાયની બાદબાકી થઈ જવાના કારણે માનવસમાજ માઠાં પરિણામો ભોગવી રહ્યો છે.

સ્વાધ્યાય જવાથી જીવનમાંથી ધ્યેય ખસે છે. આપણે શા માટે જીવી એ છીએ તેનો ઉત્તર સ્વાધ્યાય પૂરો પાડે છે. હું વિશિષ્ટ ધ્યેયને માટે જીવીસ એ ખુદ્દારી ફક્ત સ્વાધ્યાયી જીવનમાં જ આવે છે. કેટલાંક માણસો કહે છે અને ભગવદ્‌ગીતા-રામાયણ વગેરે ઘણી વખત સાંભળી ચૂક્યા છીએ. પરંતુ અમારામાં કંઈ જ ફેરફાર થતો નથી. હવે અમારે કશું સાંભળવું નથી.

આવા લોકોને માટે જીવનમાં સ્વાધ્યાયનું કશું ય મહત્વ રહેલું નથી. આવા લોકોનાં જીવનમાં સ્વાધ્યાયની સાચી સમજ ઉતરી જ નથી. એટલું જરૂરથી કહી શકાય. આપણે સહુ જીવનમાં ખૂબ જ સામાન્ય કાર્યો સતત કરતાં જ રહીએ છીએ. આથી આવાં કાર્યોની સાચી પરખ તથા મહત્તા સમયાનુસાર સમજાય છે.

આવાં વિચારો જેમ ભ્રામક છે તે જીવનમાં આપોઆપ ઉતરશે જ તેમ કહવું મુર્ખાઈ જ માત્ર છે. આપણે સહુએ રોજ બુદ્ધિને કસોટતા જ રહેવું જોઈએ. જેમ રોજ સ્નાન કરવાથી તન શુદ્ધ રહે છે તેમ જીવનને માત્ર પોષણ જ નહિ પણ પ્રાણની પણ જરૂર છે અને તે બન્ને માટે પ્રકૃતિ અને પરમાત્માની નજીક જવા સિવાય અન્ય કોઈ જ વિકલ્પ નથી.

સ્વાધ્યાય = સ્વ+અધ્યાય. સ્વ (પોતાની) સાથેનું

આધ્યાત્મિક બંધન (મિલન). સ્વાધ્યાય - ચિંતન નકારાત્મક કે નિષેધાત્મક નહિ, પણ સકારાત્મક હોવું જોઈએ. આમ માનવીને પરમેશ્વરે અમાપ બુદ્ધિ આપી છે. જેનો સકારાત્મક ઉપયોગ કરીને તે અનેક પ્રશ્નોનેઉકેલી શકે છે.

હાનિ, લાભ, જય-પરાજય, સુખ-દુઃખ વગેરે દ્વંદ્વોમાં સ્વસ્થ રહેનારો સાચો સ્વાધ્યાયી છે. જે લોકો માત્ર મનને એકાગ્ર બનાવવા અથવા સંકલ્પરહિત બનાવવા ઉપાયો કરે છે તેમાંથી મોટા ભાગનાં થાકી-હારીને પ્રયત્ન પડતાં મૂકે છે. સ્વાધ્યાયની પ્રવૃત્તિએ કંઈ દરેકને માટે કુદરતી પ્રક્રિયા નથી એને કેળવવી પડે છે. આ બાબત ઉંડા અભ્યાસની છે. આ એક વ્યવહારિક બાબત સતત કરતા રહેવાની છે. ભય, ચિંતા, ક્રોધ, આક્રોસ, નિસાસા, નિરાશા, અસંતુલન, ચિડિયાપણું વગેરે માનસિક અસ્વસ્થતામાંથી જ પ્રકટતું હોય છે.

ગીતા જેને સ્થિતપ્રજ્ઞ કહે છે તે જ આ મન-બુદ્ધિની સ્વસ્થતા છે, તે જ આરાધના છે અને તેજ સ્વ સાથેનું આધ્યાત્મિક વલણ છે. દરેક સ્વાધ્યાયીએ પોતાની ઉપાસનાની રિધ્ધી, સિધ્ધિ, રક્ષા કાજે ત્રણ બાબતોની સાવધાની રાખવી રહી. ૧) ઉપાસક તરીકેનો દેખાવ ન કરવો. (૨) ઉપાસના એ માનસિક પ્રક્રિયા છે. અર્થાત્ પ્રભુ પ્રત્યેનો નીખાલસ પ્રેમ, સ્નેહ છે. એટલે કર્મકાંડ કે બ્રાહ્ય પ્રક્રિયાની પવોજણમાં ન પડવું જોઈએ. ફક્ત નીખાલસ મનથી પ્રભુભક્તિ કરવી રહી. (૩) ઈશ્વર ઉપાસનાનો પાયો શ્રધ્ધા છે. આ શ્રધ્ધા, આસ્થા દ્વારા જ જીવનમાનું અસંતુલન ઘટાડતાં રહેવાનું છે. આપની અખંડ શ્રધ્ધાને હચમચાવી નાખનારાં તત્વોથી સદૈવ દૂર રહો.

યાદ રાખો શ્રધ્ધા, સબૂરી, આધ્યાત્મિકતા આ ત્રણ જીવનમાં સફળતા પ્રાપ્ત કરવાનાં ગુરુમંત્રો છે. અંતમાં સ્વ સાથેનો તંતુજ આપને ઈશ્વરની સમીપે લઈ જઈ મુક્તિ અપાવશે.

☆ ☆ ☆ ☆ ☆

## નામી છતાં નનામી માનવી, સરનામા વગરનું એક પોસ્ટકાર્ડ!!!'

**– નયન કડકીઆ (ધનગેલા)**

માનવી જન્મે છે જ્યારે ત્યારે તેનું નામ હોતું નથી. આ દુનિયામાં પણ આધુનિક 'નામ'ની શોધમાં ક્યારેક છમાસ કે વર્ષ નીકળી જાય છે. ત્યાં સુધી ઘરનાં સર્વ માણસો તેને બેબી, બાબો, બબલુ, પીન્ટુ, બકી વગેરે વગેરે હુલામણા નામે બોલાવે છે. પછી સુંદરલાલ નામે તે યુવાન બને છે. છતાં પણ દવાખાને કેસ કાઢતાં ડૉકટર નામ પૂછે છે. રેલ્વેરીઝર્વેશન અથવા રેશન કાર્ડ જેવા પ્રસંગે નામ પૂછાય છે. તેનું સ્થળ બદલાતું રહે છે. નોકરીને કારણે ગામ શહેર સાથે સરનામું પણ બદલાતું રહે છે. અજાણ્યો જ રહે છે. ગામની પ્રતિષ્ઠિત વ્યક્તિ શહેરમાં અજાણી બને છે આજે તેને કોઈ ઓળખતું નથી. ઈશ્વરે ધરતી ઉપર મોકલેલ માનવી વખતો વખત 'નનામી' બની જાય છે. કારણ કે તેને મોકલનાર ભગવાનને તે ભૂલી ગયો છે આજે, પ્રતિષ્ઠિત માનવી આ અજાણ્યા શહેરમાં લૂંટારૂને હાથ ચડતાં તેની પાસેની કિંમતી મૂલ્યવાન ચીજો લૂંટનાર ગુંડાઓ તેનું ખૂન કરી લાશ ગમે ત્યાં ફેંકી દે છે. પછી પોલીસ તેની તપાસ કરે છે. નામ નથી તેથી દૈનિક પત્રોવાળા લખે છે પૂલ નીચેથી એક અજાણી વ્યક્તિની આજે લાશ મળી છે. લાશનો નિકાલ કરવા રોડ ઉપરથી પસાર થતી આ ઠાઠડીને જોઈ લોકો પૂછે છે કોની 'નનામી' જાય છે. ભાઈ!!! જન્મ્યો ત્યારે નામ ન હતું અને મૃત્યુ પછી પણ 'નનામી' બની જાય છે. સંતો મહાત્માઓ કહે છે કે પ્રતિષ્ઠા માટે પૈસા માટે જમીન માટે સદા ઝગડતો આ માનવી છેલ્લે તો સરનામા વગરના પોસ્ટકાર્ડ જેવો છે. જેને પોસ્ટખાતું ડેડ લેટર બાસ્કેટમાં નાખી આવા પત્રોનો નાશ કરે છે. તેમ ભગવાન પણ સતકાર્યો વગર જીવતા લોકો, બીજાને હેરાન કરતાં લોકો, આસૂરી શક્તિવાળા લોકો મરે છે ત્યારે તમને સરનામા વગરના પોસ્ટકાર્ડની માફક સ્મશાનમાં મોકલે છે. જે સ્મશાન પ્રભુના ઘરનું ડેડ લેટર બોક્સ છે.

જેની પાસે આજે બીજું કોઈ નથી આવતું એની પાસેય મોતતો આવે જ છે. જૈને બીજું કોઈ નથી મળતું એનેય મોત તો અંતે મળે છે.

☆ ☆ ☆ ☆ ☆

**નોંધઃ જ્યોતિપુંજમાં પ્રગટ થતી જાહેરખબરો તથા અન્ય સંસ્થાઓના સમાચારો વ્યક્તિગત વિગતો માટે અમે જવાબદાર નથી.**

# જીવન જીવવાની કલા

– શોભના અ. દેસાઈ

જીવન જીવવા માટે છે. જીવન ઢસરડો નથી.

મનુષ્ય જીવન કુદરતની દેન છે. માટે આનંદથી જીવનાર વ્યક્તિ જીવનમાં સફળતા મેળવે છે. ઈશ્વરે દરેકને શક્તિ આપી છે. પરંતુ મનુષ્ય પોતાનામાં રહેલી શક્તિને ઓળખતો નથી. પરિણામે એને જીવન ભારરૂપ લાગે છે. નિવૃત થયા પછી ભૂતકાળની વાતો યાદ કરીને પોતે દુઃખી થાય છે. ભૂતકાળને ભૂલી વર્તમાન સાથે જીવતા શીખો, અને ભાવિની ચિંતા છોડો.

'છોડો કલકી બાતે કલકી બાત પુરાની,

નયે ઢંગસે લિખેંગે હમ આજકી બાતે'.

જીવનને આનંદથી જીવવા માટે આપણે દષ્ટિ કેળવવી પડશે. જીવનમાં પરિવર્તન લાવો તો જિંદગી તમને ભારરૂપ નહીં લાગે. નિવૃત થયા પછી માનવી વિચારે છે કે હું નકામો થઈ ગયો છું. ઘરમાં પડેલી નકામી વસ્તુ જેવો છું. આ નકારાત્મક વિચાર માનવીમાં નિરાશા પ્રેરે છે. સદા હકારાત્મક વિચારો દરેક વ્યક્તિએ પોતાનામાં રહેલી શક્તિને ઓળખવાનો પ્રયત્ન કરવો જોઈએ. તે શક્તિને યોગ્ય માર્ગે વાળો તો તમારું જીવન આનંદથી ધબકતું થઈ જશે. કસ્તુરી મૃગ કસ્તુરીની સુગંધ શોધવા ફાંફા મારે છે. પણ તેને ખબર નથી કે કસ્તુરી એની નાભિમાં છે. તેવી રીતે મનુષ્ય પણ સુખને માટે ફાંફા મારે છે પણ તે સુખ તમારી અંદર છે તેને ઢંઢોળો. વૃધ્ધોની ફરિયાદ છે કે નવી પેઢીના વહુ-દિકરા સાંભળતા નથી. જનરેશન ગેપને લીધે આ પરિસ્થિતિ રહેવાની. પણ તમેજ વર્તમાન પરિસ્થિતિને અનુકુળ થવાનો પ્રયત્ન કરો. ઘરના તમામ સભ્યો સાથે અનુકુળ થાઓ. તમે વૃધ્ધ થયા એટલે નકામા નથી. તમારી પાસે અનુભવની મૂડી છે તેનો ઉપયોગ કરી યોગ્ય માર્ગદર્શન આપો. ઘરની બાબતમાં ટક ટક કરવાનું છોડી દો જુની ટેવોને ભુલી જાવ. ફક્ત ત્રણ શબ્દોનો ઉપયોગ કરો. ફાવશે, ચાલશે, ગમશે. દા.ત. તમારા ઘરમાંથી બધા લગ્નમાં જવાના હોય તો વહુ કહેશે તમારા માટે ભાખરી શાક છે તમે કહેશો ચાલશે. તો તમારા માટે પ્રેમથી વહુ-દિકરો બહારથી કંઈ લઈને આવશે.

તમને પૂછવામાં આવે કે ગમી ? તમે કહેશો ગમી. તમારા પરિવારને તમે ભારરૂપ છો એવું લાગવું ન જોઈએ. બાળકો સાથે ઓત પ્રોત થાઓ. તેમને ઉછેરો. તેમની સાથે ગમ્મત કરો વાર્તા કરો. જેથી વહુ દિકરાને લાગશે કે તમે ભારરૂપ નથી. તમારો સમય સમાજ લક્ષી પ્રવૃતિમાં ફાળવો. જે પ્રવૃતિ ગમતી હોય તેમાં રસ લો. જેણે સુખ મોકલ્યું છે તેને દુઃખ પણ મોકલ્યું છે દુઃખને સુખ જેટલો જ આવકાર આપો. સંઘર્ષ સાથે લડો ભાગો નહિ.

ચાર દિવાલ પાછળ જીવનારા ગુંગળામણ અનુભવે છે. જીવનના પ્રવાહને મુક્ત પણે વહેવા દો.

☆ ☆ ☆ ☆ ☆

# શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ

# બાલાસિનોર વિદ્યોતેજક ચેરીટેબલ ટ્રસ્ટ

## શૈક્ષણિક સહાય અંગેના અરજીપત્રક મેળવવા અંગે જરૂરી માર્ગદર્શન

ઉપર્યુક્ત મંડળ/ટ્રસ્ટ સંચાલિત પ્રવૃત્તિના અનુસંધાનમાં ચાલુ વર્ષે (૨૦૧૫-૧૬) શૈક્ષણિક સહાય લેવા ઈચ્છુક વિદ્યાર્થીમિત્રોએ નીચે જણાવેલ સ્થળેથી અરજીપત્રક મેળવી લેવા અને તા. ૧૫-૮-૨૦૧૫ સુધી સંપુર્ણ વિગત સાથે ભરીને તે જ સ્થળે પાછા આપી જવા.

અરજીપત્રક સાથે ચાલુ વર્ષ (૨૦૧૫-૧૬)ની ફી ભર્યાની Original રસીદ (Xerox સાથે) તેમજ ગત વર્ષની પરીક્ષા પાસ કર્યાના પરિણામની Xerox આપવી જરૂરી છે. અધુરી વિગત સાથેના ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.

**અરજી પત્રક સંપુર્ણ વિગત ભરીને પાછા આપવાનું સ્થળ :**

**૧. શ્રી જગદીશ શાંતિલાલ પરીખ (જુનાગઢવાળા)**
બાલાસિનોર ગ્રાહક સહકારી મંડળી લી., ગણેશ કૃપા, સિક્કા નગર, વી.પી.રોડ, મુંબઈ - ૪૦૦૦૦૪
સમય : સોમ થી શનિ : બપોરે ૩ થી ૫.૩૦ કલાક

**૨. શ્રી કીર્તિભાઈ કડકીઆ (લટકારી)**
શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ, બાલકૃષ્ણ કૃપા, ૧લે માળે, ૪૫/૪૭, બાબુગેનુ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨,
સમય : સોમવાર થી શનિવાર બપોરના ૪.૦૦ કલાકથી સાંજે ૬.૦૦ કલાક સુધી.

**વિદેશ જઈ અભ્યાસ કરનાર માટે ફોર્મ ભરવાનું સ્થળ :**

**૧. શ્રી અસીત રમેશચંદ્ર દેસાઈ**
શ્રીપતી આર્કેડ, ૨૩ મા માળે, એ.કે. માર્ગ, નાના ચોક, મુંબઈ - ૪૦૦૦૩૬. સમય સાંજે ૩ થી ૫

સંપુર્ણ વિગત ભરેલા અરજીપત્રક મળ્યા બાદ દરેક અરજીપત્રકની યોગ્ય ચકાસણી કરવામાં આવશે અને શૈક્ષણિક સહાય સમિતિની મંજુરીને આધીન રહેશે.

**મંજુર થયેલ શૈક્ષણિક સહાયના ચેક મેળવવાનું સ્થળ :**

શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ, બાલકૃષ્ણ કૃપા, ૧લે માળે, ૪૫/૪૭, બાબુગેનુ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨
સમય : સોમવાર થી શનિવાર સાંજે ૪ થી ૬ કલાક સુધી.

## પારિતોષિક યોજના

શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫નાં અભ્યાસક્રમ દરમ્યાન માર્ચ/એપ્રિલ/મે ૨૦૧૫અથવા અન્ય સમયે લેવાયેલ પરીક્ષામાં ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થીમિત્રોને વિવિધ શૈક્ષણિક વિભાગમાં સખાવતી દાતાઓ તરફથી પ્રાપ્ત થયેલ ન્યાસફંડની રકમનાં વ્યાજમાંથી મંડળ/ ટ્રસ્ટ દ્વારા પ્રતિ વર્ષ પારિતોષિક આપવામાં આવે છે.

**નોંધ :** આ યોજના S.S.C. (ધોરણ ૧૦) તેમજ ત્યારબાદ કોલેજના ઉચ્ચતર અભ્યાસક્રમ માટે જ છે. સફળ વિદ્યાર્થીમિત્રોએ પરિણામ (માર્કશીટ)ની ઝેરોક્ષ કોપી મંડળની કારોબારી સમિતિના સભ્યોને તા. ૩૧-૮-૨૦૧૫ પહેલાં મોકલાવી આપવા વિનંતી.

ઉપયુક્ત બન્ને પ્રવૃત્તિ અંગેની વધુ માહિતી માટે મંડળના માનદ્ મંત્રીઓનો સંપર્ક સાધવો.

**માનદ્ મંત્રીઓ**

**શ્રી મંજુલ શૈલેશ ધારીઆ – ૯૮૨૦૧૩૫૦૧૪** | **શ્રી જસ્મીન બિપીન શેઠ – ૯૮૨૦૮૩૦૦૬૦**

# વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ

**શ્રીમતી હંસાબેન પ્રવિણચંદ્ર કડકિયા તથા શ્રીમતી રૂપલ પ્રદીપ કડકિયા (ખીસાદાર) પુરસ્કૃત**

## TALENT APPRECIATION SCHEME

**અમિતાભ બચ્ચન, શાહરૂખ ખાન, સચીન તેંડુલકર, એમ..એસ.ધોની, કેટરીના કૈફ, અનુષ્કા શર્મા, પ્રિયંકા ચોપરા, દિપીકા પદુકોણ, સંજય કપૂર, રણવીર સીંહ, રણબીર કપૂર, મેરી કોમ**

**.... જેવા અનેક**

ગુણિયલ અને નામી કલાકારો અને રમતવીરો પાસેથી પ્રેરણા લઈ જેમણે વિવિધ કળા, રમત-ગમત, સાહિત્ય ક્ષેત્રે પોતાનું સ્થાન મેળવવાની કોશિષ આદરી છે, તેવાં વાડસોલ સમાજનાં ભાવિ મહાનુભાવોને નિમંત્રણ

ઉપયુક્ત યોજના અન્યયે વાડાસિનોર દશાનીમા વણિક જ્ઞાતિના બાળકો, યુવાન, યુવતીઓ તેમજ કોઈપણ ઉંમરની વ્યક્તિઓ, જેમણે શિક્ષણ સિવાયના અન્ય ક્ષેત્રમાં (Achievements in the fields of Fine Arts, Music, Dance, Singing, Acting, Sports, Literature etc.) પ્રશંસનીય યોગદાન આપ્યું હોય એવી વ્યક્તિનું ચાલુ વર્ષે મંડળની વાર્ષિક સામાન્ય સભામાં (સપ્ટેમ્બર ૨૦૧૫) સન્માનપત્ર તથા યોગ્ય પુરસ્કાર અર્પણ કરી સન્માન કરવામાં આવશે. નજીકનાં ભુતકાળ તેમજ ચાલુ વર્ષ દરમિયાન પ્રાપ્ત થયેલ યોગદાનની રજુઆત ગણતરીમાં લેવામાં આવશે. જેમાં યોગ્યતા દર્શાવતું પ્રમાણપત્ર, સર્ટિફિકેટ અથવા અન્ય જરૂરી માહિતી (Proof/ Supporting Information & Documents) તા. ૩૧-૮-૨૦૧૫ સુધીમાં આપવાની રહેશે. આ સિવાય વાડિસિનોર વણિક જ્ઞાતિની કોઈપણ વ્યક્તિએ જાહેર ક્ષેત્રમાં પ્રસંશનીય યોગદાન આપ્યુ હોય તે આપની જાણમાં હોય તો તેઓની માહિતી આપ અમને આપી શકો છો. આ યોજનામાં દશાનીમા વણિક જ્ઞાતિની બહેનો કે જેમણે પર જ્ઞાતિમાં લગ્ન કર્યા હોય તે તથા તેમના બાળકોનો પણ સમાવેશ કરવામાં આવશે.

આ યોજના અંગની વધુ માહિતી જાણકારી અંગે આપ **શ્રી અસીત રમેશચંદ્ર દેસાઈ (મેનપુરવાળા)** - ૯૮૨૦૧૫૭૩૩૫, **શ્રી કિરીટ રમણલાલ કડકીઆ (મલમ)** - ૯૮૨૧૦૩૭૬૪૭, **શ્રી મંજુલ શૈલેષ ધારીઆ** ૯૮૨૦૧૩૫૦૧૪, **શ્રી જસ્મીન શેઠ** - ૯૮૨૦૮૩૦૦૬૦, **શ્રી ચેતન મોદી (બંગડી)** - ૯૯૨૦૫૪૦૮૫૮ તેમજ મંડળની કારોબારી સમિતિના અન્ય સભ્યોનો સંપર્ક સાધી શકો છો.

**- માનદ્ મંત્રીઓ - મંજુલ શૈલેષ ધારીઆ - જસ્મીન બીપીન શેઠ**

---

# વાડાસિનોર પ્રગતિ સમાજ કો.કે.સોસાયટી લી.

સર્વ શેહ હોલ્ડર ભાઈઓ તથા બહેનો

સવિનય નિવેદન છે કે ઉપરોક્ત ક્રેડીટ સોસાયટીની ૨૯મી વાર્ષિક સામાન્ય સભા તા. ૨૪-૭-૧૫ને શુક્રવારના રોજ સાંજે ૭ કલાકે તેજપાલ ઓડીટોરીયમ ખાતે પ્રમુખ શ્રી યોગેશભાઈ રમણીકલાલ ધારીયાના પ્રમુખ સ્થાને રાખવામાં આવેલ છે. તો શેરહોલ્ડર સભ્યોએ સમયસર હાજર રહેવા વિનંતી.

**માનદ્મંત્રી : શ્રી કૌશીકભાઈ કા. કડકીયા, શ્રી મંજુલભાઈ શૈ. ધારીયા**

# કે.એમ.જી.જનરલ હોસ્પિટલ બાલાસિનોર

બાલાસિનોરની કે.એમ.જી.જનરલ હોસ્પિટલમાં નીચે મુજબના વિવિધ કેમ્પો યોજવામાં આવેલા.

૧) **'ગીરીપુજા' કોકીલાબેન પ્રવીણચંદ્ર બીન ચુનીલાલ (વલ્લભઘેલા) કેન્સર નિદાન તથા સારવાર કેમ્પઃ** તા. ૩-૫-૧૫ને રવિવારના રોજ યોજવામાં આવેલ. કુલ ૧૪ દર્દીઓ નોધાયેલા. આ કેમ્પમાં અમદાવાદના નિષ્ણાંત કેન્સર સર્જન ડૉ. દેવેન્દ્ર પરીખે સેવાઓ આપેલ. તમામ દર્દીઓને દશ દિવસની દવા ફ્રી આપવામાં આવેલ.

૨) **શ્રીમતી ચંદ્રીકાબેન શશીકાંત મણીલાલ ગાંધી બાળ રોગ નિદાન કેમ્પઃ** તા. ૩-૫-૧૫ને રવિવારના રોજ યોજવામાં આવેલ કુલ ૧૭ દર્દીઓ નોંધાયેલા. કેમ્પમાં ગોધરાના બાળરોગ નિષ્ણાંત ડૉ. જાગૃત મોદીએ સેવાઓ આપેલ. તમામ દર્દીઓને દશ દિવસની દવા ફ્રી આપવામાં આવેલ.

૩) **તારાબેન અને શાંતિલાલ છોટાલાલ કડકીઆ કીડનીના રોગોનો નિદાન કેમ્પઃ** તા. ૩-૫-૧૫ને રવિવારના રોજ યોજવામાં આવેલ. કુલ ૧૧ દર્દીઓ નોંધાયેલા. આ કેમ્પમાં અમદાવાદના નિષ્ણાત યુરોલોજીસ્ટ ડૉ. ગૌરાંગ વાઘેલાએ સેવાઓ આપેલ. તમામ દર્દીઓને દશ દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ.

બાલાસિનોરની કે.એમ.જી.જનરલ હોસ્પિટલમાં નીચે મુજબના વિવિધ વિભાગોમાં માહે એપ્રીલ ૨૦૧૫ દરમ્યાન થયેલ કામગીરીનો અહેવાલ

૧) મોહનલાલ લલ્લુભાઈ કડકીઆ (મરઘા) સોનોગ્રાફી વિભાગ : ૪૯૮

૨) લીલાબેન અને ડૉ. બાબુભાઈ સાંકરલાલ દેસાઈ ફીજીશીયન વિભાગ : ૨૫૨૯

૩) મેજર ઓપરેશનો : ૫૫

૪) માયનોર ઓપરેશનો : ૧૯૦

૫) કુલ ઓપરેશનો : ૨૪૫

## સુપર સ્પેશીયાલીટી સેન્ટર

શ્રી શર્મિષ્ઠાબેન અને ચંદ્રકાંત મણીલાલ શાહ (નગરશેઠ) ના સ્મરણાર્થે સર્જીકલ આઈસીયુ અને પેડીયાટ્રીક આઈસીયુ માટે રૂપીયા પચાસ લાખનું દાનનું વચન શ્રીમતી વિધ્યા અને શ્રી રશેષ શાહ (એડલગીવ ફાઉન્ડેશન) તરફથી મળેલ છે.

**માનદ્‌મંત્રીશ્રીઓઃ શ્રી રાજેન્દ્ર દેસાઈ, શ્રી નીતીન પરીખ**

## જ્યોતિપુંજના નવા મેઈલીંગ એડ્રેસ માટે અગત્યની સુચના

જે પણ સભાસદ ભાઈ બહેનોને જ્યોતિપુંજ નવા સરનામે જોઈતું હોય તેઓને વિનંતી કે પ્રકીર્ણ વિભાગ ઉપરાંત આ મુજબની સુચના નવા તથા જુના એડ્રેસ તથા સભાસદ નંબર અથવા વસ્તી પત્રક ક્રમાંક નંબર સાથે **સમીર જયેન્દ્ર ગાંધી** - નિકોશી ટ્રેડીંગ કાું. ૧૨/૫, કારમેલોસ બિલ્ડીંગ, પહેલે માળે, ૬૩/૬૭ પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ - ૪૦૦૦૦૨, ફોનઃ ૨૨૦૬૦૨૯૪ / ૨૨૦૩૮૦૭૭, Email: samir@nikoshi.co.in ને મોકલવાનું રહેશે. આ સિવાય કોઈપણ મૌખિક સુચના સ્વીકારવામાં આવશે નહીં. **મંત્રી – ભાવેશ મોદી સંયોજક – સમીર ગાંધી**

# ચોથી અને આખરી જાહેર નોટીસ

(૧) વર્ષ ૧૯૪૯માં આપણા સૌના વડીલોએ ગેરતપુર સ્ટેશન નજીક (હાલ પૂર્વ અમદાવાદ) હાથીજણ વિસ્તારમાં તથા આસપાસના વિસ્તારમાં રહેઠાણ હેતુ માટે જમીન ખરીદેલ અને તે ધી દશાનીમા કો.ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી રજીસ્ટર્ડ નંબર બી-૫૭૨તરીકે અસ્તીત્વમાં આવેલ. મળેલ માહિતી અનુસાર ઉપરોક્ત ધી દશાનીમા કો.ઓપરેટીવ હાઉસીંગ સોસાયટીમાં આશરે ૯૫ સભ્યો નોંધાયેલ હતા. ત્યારબાદ જે સભ્યોએ કોલમનીના પૂરેપુરા પૈસા ભરેલ હતા તેવા સભ્યોને પહોંચ-શેરસર્ટીફીકેટ મોકલવામાં આવેલ હતા. કોલમનીના પૈસા ના ભર્યા હોય તેવા નામો કેન્સલ કરવામાં આવેલ હતા. ઉપરોક્ત માહિતી હાલમાં સભ્યો પાસેથી મળેલ પત્રવ્યવહાર તથા પહોંચના સહારે ઉપરોક્ત લખાણ લખેલ છે. મળેલ માહિતી અનુસાર ઉપરોક્ત સોસાયટીનો વહીવટ આપણી જ્ઞાતિના વડીલ શ્રી મણીલાલ છોટાલાલ ધારીઆ વહીવટકર્તા તરીકે અને સને ૧૯૪૯ થી ૧૯૫૨ તથા ૧૯૬૩ થી ૧૯૭૨ સુધી માનદ્‌મંત્રી તરીકે ફરજો બજાવતા હતા. ઉપરોક્ત સોસાયટીની જમીનો ગણોતધારાના કાયદાને લીધે કોર્ટ કેસમાં હતી. ગણોતધારો રહેઠાણની સોસાયટીને લાગુ ના થાય તેવો ચુકાદો સોસાયટીની તરફેણમાં સરકારશ્રી તરફથી ૨૦૧૧ તથા ૨૦૧૨માં આવેલ છે. શ્રી મણીલાલ છોટાલાલ ધારીઆના અવસાન બાદ તેમના જ્યેષ્ઠ પુત્ર શ્રી ચંદ્રકાંત મણીલાલ ધારીઆએ ઉપરોક્ત જમીનો પૈકી ઘણી જમીનોનું ધી દશાનીમા કો.ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી.ના સભ્યોની સંમતિ અને જાણ વગર તથા સોસાયટીની ખાસ સામાન્ય સભા બોલાવ્યા વગર અને સભ્યોને નોટીસ આપ્યા વગર ડીસેમ્બર ૨૦૧૩માં વેચાણ કરેલ છે. આ માટે બોર્ડ ઓફ નોમીનીઝ સાહેબ અમદાવાદની કોર્ટમાં કેસ નં. ૨૫૫/૧૪ તથા ૩૨૭/૧૪ દાખલ કરેલ થે. અને નામદાર કોર્ટ કામચલાઉ મનાઈ હુકમો ફરમાવેલ છે. સદર કેસો હાલ પડતર છે.

(૨) જીલ્લા રજીસ્ટાર શ્રી અમદાવાદની ઓફીસમાં આપણે કલમ ૮૬ હેઠળની અરજી આપણી સોસાયટીનું દફતર મૂળ સભ્યોશ્રી/ વારસોને મળે અને તે માટે જરૂરી ફી જીલ્લા રજીસ્ટારમાં જમા કરાવેલ છે. તેમજ કલમ ૭૮ મુજબ દશાનીમા કો.ઓ.હા.સો.લી.ની સાધારણ / ખાસ સાધારણ સભા જીલ્લા રજીસ્ટારશ્રીના હુકમથી તેઓશ્રીએ નીમેલ નિરિક્ષકની હાજરીમાં બોલાવીને દશાનીમા કો.ઓ.હા.સો.લી.ના મૂળ સભ્યોશ્રી / વારસોની સંમતિથી પ્રમુખ, મંત્રી તથા મેનેજીંગ કમીટીની સભ્યોની નિમણુંક કરવા કરેલ વિનંતીને જીલ્લા રજીસ્ટારશ્રીએ માન્ય રાખેલ છે અને ઉપરોક્ત જણાવેલ કલમ ૭૮(૩)ની રૂએ હુકમ તા. ૩-૬-૧૫ના રોજ કરેલ છે. ઉપરોક્ત હુકમથી સોસાયટીની ચુંટણી કરવામાં આવશે તેની નોંધ લેશોજી.


(૩) આથી સર્વે સભ્યોને / વારસોને આ સાથે જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત સોસાયટીમાં તમારા હક્ક, હિત, સંબધે જેવા કે શેરસર્ટીફીકેટ, સોસાયટી સાથેનો પત્રવ્યવહાર અથવા સોસાયટીને લગતું અન્ય સાહિત્ય હોય તો તેની નકલો નીચે દર્શાવેલ જ્ઞાતિબંધુઓને મોકલાવી આપવા નમ્ર વિનંતી છે. સદરહુ નકલો પ્રાપ્ત થયા પછી નામદાર કોર્ટ સમક્ષ સોસાયટીના સભ્યોની ફાઈનલ યાદી રજુ કરવાની છે.

(૧) શ્રી પ્રવિણભાઈ દેસાઈ (દેડકી) - ૯૮૨૦૪૦૪૦૮૪
(૨) શ્રી પંકજભાઈ ધારીઆ (લાલખા) - ૯૮૨૧૦૨૮૭૬૨
(૩) શ્રી નીમીષભાઈ કડકીઆ (મલમ) - ૯૮૧૯૪૩૭૩૨૧

**તે ધી. દસાનીમા કો.ઓપરેટીવ હાઉસીંગ સોસાયટીના સભ્યો / અગ્રગણ્ય જ્ઞાતિબંધુઓ.**

## ચોકલેટ્સ

### ‘વ’’ થી શરૂ થતી વિગત ઉકેલો :-





(૧) મેઘમલ્હારથી ખેંચાઈને આવે તે
(૨) લગ્નમાં નાયક
(૩) જીવંત છે - માનવ, પ્રાણી,__________
(૪) મુખવાસ
(૫) પથિક
(૬) વડ ને હોય
(૭) વારસદાર માટે
(૮) ઓળખાણ ધરાવનાર વ્યક્તિ

**જવાબ :** (૧) વરસાદ (૨) વરરાજા (૩) વનસ્પતિ (૪) વરિયાળી (૫) વટેમાર્ગુ (૬) વડવાઈ (૭) વસિયત (૮) વગદાર


## પગથિયા

### ઠાકોરજીના ‘ઉત્સવો’નો અધિકમાસ




**જવાબ :** (૧) દશેરા (૨) ઠકરાણીત્રીજ (૩) વૃજકમલ (૪) વામનદ્વાદશી (૫) નંદમોહત્સવ (૬) વસંતપંચમી (૭) કાચનો હિંડોળો (૮) ડોલોત્સવ (૯) વિવાહ ઓચ્છવ

## મોહે રંગ દે




જ્યોતિપુંજના સર્વ વાંચકોને જે જે શ્રી ગોકુલેશ

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

# સંસ્થા સમાચાર

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૯મી બેઠક (વન ડે મીટીંગ) તા. ૩૧-૫-૧૫ રવિવારે સવારે ૧૦.૩૦ કલાકે શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ (કલકત્તાવાળા) મિટીંગ હોલ પ્રગતી સમાજની ઓફીસ ખાતે પ્રમુખશ્રી કલ્પેશ સુરેશ ધારીઆ (બલબલ)ના નેજા હેઠળ મળી હતી.

પ્રમુખશ્રી એ સૌ વડીલો અને આમંત્રીતોને આવકાર આપ્યો હતો અને સૌના સાથ સહકારથી વધુ સારા કાર્યો કરવાની પ્રેરણા મળે તેવી આશા વ્યક્ત કરી હતી.

તેમા નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

સંસ્થાના સહમંત્રી શ્રી નીલેશ શાહએ ગત મીટિંગનો અહેવાલ રજૂ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

પ્રમુખશ્રી કલ્પેશ ધારીઆએ અન્વેષિત આવક જાવકના હિસાબની રજુઆત કરી હતી તેને ચર્ચા વિચારણા બાદ પસાર કરવામાં આવી હતી.

મંત્રીશ્રી ભાવેશ મોદીએ વર્ષ ૨૦૧૪-૧૫નો વાર્ષિક અહેવાલ રજુ કર્યો હતો.

કુલ બે આજીવન સભ્યોની અરજી આવી હતી તેમના નામ નીચે મુજબ (૧) મોદી કુનાલ મહેન્દ્ર (૨) કચેરીઆ રાજેશ વિનોદચંદ્ર

સૌ વડીલોએ ગત વર્ષના કાર્યોની સરાહના કરી હતી અને સંપૂર્ણ સમિતીને અભિનંદન આપ્યા હતાં.

પ્રમુખશ્રી એ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

**મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી**

## જ્યોતીપુંજ અંગે અગત્યની સુચના

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ **જ્યોતિપુંજ**નું પોસ્ટીંગ દરેક મહિનાની તારીખ ૨૦ અથવા ૨૧ એ કરે છે. જે વ્યક્તિને સમયસર જ્યોતિપુંજ ન મળતુ હોય તે પોતાના સ્થાનિક પોસ્ટ ઓફિસમાં સંપર્ક કરે. સંસ્થા દર મહિનાની ૨૧ મી તારીખે વેબસાઈટ **www.balasinor.org** પર જ્યોતિપુંજ અપલોડ કરે છે તેની નોંધ લેશો.

**મંત્રી : ભાવેશ મોદી**

## પંખી ઉડી ગયા

યૌવન આવ્યું ને પંખી ઉડી ગયા
કંઈ કેટલાયે અરમાન સર્વના ભૂલાઈ ગયા
જીવનની નૌકાની હાથની કેડી સમા
પળપળ હતાશાઓ ઝીરવી રહ્યા

સ્વપ્નાઓ ઘણા મીઠા માણ્યા હતા
ધરા પર પટકાઈને તૂટી પડયા
સફેદ આચ્છાદિત પર્વતોની ધારા
જળના બે વહેણ થઈ જુદા પડયા

એકધારી ચાલતી જીવનની ઘટમાળ
જયાં ટ્રેનના પાટા બે જુદા પડયા
કિરણોના ઝુમખાથી લટકતું પ્રભાતિયું
સમી સાંજે સૂરજમાં વિલિન થઈ ગયું.

**- ઈન્દુ રોહિત દેસાઈ**



એક શુભેચ્છકના સર્વ બાલાસિનોરવાસીઓને જે જે શ્રી ગોકુલેશ

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામા

**Mr. Bharat Kantilal Parikh**
**Mr. Saurabh Bharat Parikh**
B-1/502, Shree Krishna Garden
M.I.D.C. Road, Near Iskon Temple,
Off. Western Express Highway
Miraroad (East), Thane - 401107

## તેજસ્વી તારલા

**ચિ. સ્વપ્નિલ જતીન કડકીયા** ICSE (10th std) નીપરીક્ષામાં ૯૬.૨%. સાથે ઉત્તીર્ણ થયા છે.

**ચિ. શૈલ ડિમ્પલભાઈ મોદી** ICSE (10th std) નીપરીક્ષામાં ૯૪.૩૩%. સાથે ઉત્તીર્ણ થયા છે.

**ચિ. યશ સૌમીલ મોદી** ICSE (10th std) ની પરીક્ષામાં ૯૩.૪%. સાથે ઉત્તીર્ણ થયા છે.

### અભિનંદન અભિનંદન

સર્વ વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓને પરિક્ષામાં ઉત્તીર્ણ થવા બદલ હાર્દિક શુભેચ્છા. પ્રગતિકારક રિઝલ્ટ અને નવા શૈક્ષણિક વર્ષમા રૂમઝુમ પ્રવેશ રોમાંચકારી હોય છે. એચ.એસ.સી. અને એસ.એસ.સી. બોર્ડના વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓના રિઝલ્ટ ટૂંક સમય પહેલાં જ આવ્યા છે. તે સર્વેને પણ બોર્ડની પરિક્ષામાં ઉત્તીર્ણ થવા બદલ હૃદયપૂર્વકના અભિનંદન. બોર્ડની પરિક્ષાના આ વર્ષ જીવનની કારિકિર્દીના ઘડતર માટે ખૂબ મહત્વના હોય છે. સર્વ સંસ્થા આપ સૌને સમાજના મહત્વના ભાગરૂપે બિરદાવે છે અને શુભકામના પાઠવે છે. આપની પ્રગતિથી સમાજને નવી ઉંચાઈ પ્રાપ્ત થાય છે અને ગર્વિષ્ઠ બને છે.

**ચિ. આર્થિ સંદીપ મોદી** ICSE (10th std) ની પરીક્ષામાં ૮૨.૩૩%. સાથે ઉત્તીર્ણ થયા છે.

**ચિ. પલક મેઘ શાહ** (નાસીકવાળાની પુત્રી) ૨૦૧૫ માં ICSE (10th std) ની પરીક્ષામાં ૯૫.૬%. સાથે ઉત્તીર્ણ થઈ છે. ઈકોનોમીક્સમાં 100/100 માર્ક છે.

**ચિ. નેહલ દિનેશ ત્રીવેદી** ઈન્ટરમીડીયેટ કોસ્ટ એકાઉન્ટીંગની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે.

**- સમગ્ર દેશમાં જેની હર્ષભેર નોંધ લેવાઈ છે તે પિન્કી અતુલ મહેતા (માતા- શ્રીમતી અંજુબેન તથા પિતા - શ્રી જગદીશભાઈ રમણિકલાલ ધારીઆની સુપુત્રી) એ આપણા બાલાસિનોર સમાજને ગૌરવ બક્ષ્યું છે. બિરલાગ્રુપની કંપનીમાં નવા કિર્તીમાન સ્થાનપર પિન્કી મહેતાને બિરદાવતા શ્રી કુમાર મંગલમ બિરલાએ આદિત્ય બિરલા ન્યુવો કંપની લીમીટેડના નવા CFO તરીકે તેમના નામનો ઉલ્લેખ કર્યો હતો. સૌ પ્રથમ મહિલાએ આ પદ હાંસલ કર્યું છે તે બદલ સમગ્ર બાલાસિનોર સમાજવતી સંસ્થા પિન્કી અતુલ મહેતાને હાર્દિક શુભેચ્છા પાઠવે છે.**

**સંસ્થાવતી સૌને અભિનંદન**

## મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| નગીનદાસ લાલચંદ પારેખ | ૯૫ |
| રાજેન્દ્ર નટવરલાલ દેસાઈ | ૬૫ |
| કંચનલાલ ભીખાલાલ મોદી | ૮૦ |
| કુસુમબેન નવનીતલાલ શાહ (અહોડી) | ૮૨ |
| વસંતભાઈ પ્રવિણચંદ્ર દોશી | ૬૮ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**

WPP License No. MR/TECH/WPP-147/South/2015
Regd.No.MCS / 050 / 2015 - 17
Posted at Mumbai Patrika Channel Sorting Office,
Mumbai - 400 001 on 20th & 21st of every monthith

ANUKOOL selections

A UNIQUE

Children Department Stores

*Hosiery, Stationery, Water Bottles, Lunch Boxes, Shoes*

SCHOOL UNIFORM A SPECIALITY

Also Scout Guide & R.S.P. Dresses & Kits

542, Sandhurst Bridge, Chowpatty, Mumbai - 400 007.

Off. : 2361 2848 - 2369 4166

Email : anukoolselections@gmail.com

Resi. : Navin Parekh - Rasesh Parekh
2362 0780 - 2362 2497

Printed, Published & Edited by Nikhil Babulal Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh &
Printed at Lohana Hitechhu Pvt. 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli
Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.